પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને આજીવન કેદ

જામનગર સેશન્સ કોર્ટના ચુકાદાને પગલે ખળભળાટ : પ્રભુદાસ વૈષ્ણાનીની કસ્ટોડિયલ ડેથમાં મૃતકના ભાઈએ સંજીવ ભટ્ટ સહિત સાત વિરૂદ્ધ ટોર્ચરની ફરિયાદ કરી હતી

અમદાવાદ, તા.૨૦

જામનગર સેશન્સ કોર્ટે આજે એક અતિ મહત્વના ચુકાદા મારફતે સને ૧૯૯૦ના ચકચારભર્યા જામજોધપુર કસ્ટોડીયલ ડેથ કેસમાં પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસમાં પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ અને કોન્સ્ટેબલ પ્રવિણસિંહ ઝાલાને હત્યાના ગુનામાં દોષિત જાહેર કરવામાં આવ્યા હતા. જામનગર સેશન્સ કોર્ટના ન્યાયાધીશ ડી.એમ.વ્યાસે આ ચુકાદો સંભળાવ્યા બાદ રાજયભરમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ખાસ કરીને પોલીસ તંત્ર અને રાજકીય ગલિયારામાં ચુકાદાને લઇ ઘેરા પ્રત્યાઘાત સામે આવ્યા હતા. કોર્ટે આ કેસમાં ત્રણ કોન્સ્ટેબલ અને બે પીએસઆઈને બે વર્ષની અને એક કોન્સ્ટેબલને પણ જન્મટીપની આકરી સજા ફટકારતો ચુકાદો સંભળાવ્યો હતો. જામનગર સેશન્સ કોર્ટ દ્વારા આ કેસમાં સંજીવ ભટ્ટ સહિત બે પીએસઆઇ અને ચાર કોન્સ્ટેબલને દોષિત જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં તત્કાલીન બે પીએસઆઈ એવા શૈલેષ પંડ્યા અને દીપક શાહને બે વર્ષની સજા ફટકારવામાં આવી હતી. જો કે, કોર્ટે તેમના જામીન મંજૂર કર્યા હતા. જયારે ત્રણ કોન્સ્ટેબલ પ્રવીણસિંહ જાડેજા, અનોપસિંહ જેઠવા અને કેશુભા જાડેજાને પણ બે-બે વર્ષની સજા ફટકારી હતી. જયારે પ્રવીણસિંહ ઝાલાને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી હતી. સરકારપક્ષ તરફે આ કેસમાં ૩૨ સાક્ષી તપાસવામાં આવ્યા હતા અને ૫૦૦૦ હજાર પાનાની ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યું હતું. તો, આશરે ૧૦૦૦ જેટલા દસ્તાવેજી પુરાવા રિફર કરવામાં આવ્યા હતા. સરકાર પક્ષ તરફથી આરોપીઓ વિરૂધ્ધના પ્રથમદર્શનીય કેસ અને ઉપલબ્ધ પુરાવાઓને ધ્યાનમાં લઇ સખતમાં સખત સજા ફટકારવાની દલીલો કરવામાં આવી હતી, જે ગ્રાહ્ય રાખી જામનગર સેશન્સ કોર્ટે ઉપરોકત મહત્વનો ચુકાદો સંભળાવ્યો હતો. રાજયભરમાં ભારે ચકચાર જગાવનાર આ કેસની વિગતો એવી છે કે, સંજીવ ભટ્ટ જયારે જામનગરમાં એડિશનલ સુપ્રિટેન્ડન્ટ હતા ત્યારે અડવાણીની રથયાત્રા દરમ્યાન કોમી રમખાણો પર કાબૂ મેળવવા તા.૩૦ ઓકટોબર ૧૯૯૦ના રોજ જામખંભાળિયામાંથી ૧૩૩ લોકોની અટકાયત કરી હતી. જેમાં પ્રભુદાસ વૈષ્ણાની નામના એક વ્યક્તિ પણ સામેલ હતા. પોલીસ કસ્ટડી દરમ્યાન પ્રભુદાસ વૈષ્ણાની પર ભારે અત્યાચાર થયા હોવાના ગંભીર આક્ષેપ થયા હતા, બાદમાં તેમની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ પ્રભુદાસ વૈષ્ણાનીએ હોસ્પિટલમાં જ અંતિમ શ્વાસ લીધા હતા. ત્યાર બાદ મૃતકના ભાઈએ સંજીવ ભટ્ટ અને બીજા ૬ પોલીસ કર્મીઓ સામે તેમના ભાઈને ટોર્ચર કરવાનો અને કસ્ટોડિયલ ડેથનો આરોપ મુકી પોલીસ ફરિયાદ કરી હતી. જેને લઈને આ સમગ્ર કેસ ગરમાયો હતો.

વિશ્વ યોગ માટે અરવલ્લી જિલ્લો તૈયાર

આગામી ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી થવાની છે ત્યારે સમગ્ર રાજ્યમાં તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. યોગ દિવસને લઈને અરવલ્લી જિલ્લામાં વિવિધ જગ્યાએ યોગનું આયોજન થવાનું છે, જેને લઈને શાળામાં અભ્યાસ કરતા બાળકોએ પણ યોગની તાલિમ મેળવી હતી. યોગ સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે ત્યારે બાયડની પંચશીલ સ્કૂલના બાળકોએ યોગ કરી હતી. બાળકોએ માનવકૃતિ કૈયાર કરી 'યોગા ફોર હાર્ટ'નો સંદેશો આપ્યો હતો. શાળાના તમામ બાળકો હાલ વિશ્વ યોગ દિવસ નિમિત્તે તૈયારીઓ કરી રહ્યા છે, જેના ભાગરૂપે બાળકોએ આ માનવકૃતિ તૈયાર કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

ખેડબ્રહ્મા જીઈબીની બેદરકારી સામે આવી

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા શહેરના ચાંપલપુર વસાહતમાં સ્વામીનારાયણ મંદિર પાછળથી ૧૧ કે.વી. વીજલાઈન પસાર થાય છે. જે લાઈન ખૂબ નીચી હોઈ સ્થાનિક રહિશોને અકસ્માતની બીક છે. જેથી તેને ઊંચી કરવા અનેકવાર રજૂઆત કરવા છતાં ઠેરનું ઠેર છે. જેમાં અચાનક ગુરુવારે સ્પાર્કિંગ થતા સ્થાનિક ઘરના વીજ ઉપકરણો બળી ગયા હતા.

ખેડબ્રહ્મા શહેરના સ્વામિનારાયણ મંદિર પાછળ વસવાટ કરતા ચારણ જગદીશભાઈ ખીમજીભાઈ, નારણભાઈ આનંદભાઈ ચારણ, રમેશભાઈ સાવજી ઓડ, લાલનાથ બાબુનાથ અને ચારણ વાલિબેન ગોવિંદભાઇ સહિતના રહીશોના ઘર ઉપરથી ૧૧ કે.વી. વીજલાઈન પસાર થાય છે. જે વીજલાઈનમાં વારંવાર સ્પાર્કિંગ થતું આવ્યું છે. જેને લઈ રહીશો દ્વારા ૩૦ જૂન ૨૦૧૫, ૨૨ જૂન ૨૦૧૮, અને ૧૧ જૂન ૨૦૧૯ના રોજ વીજલાઈન દુરસ્ત કરવા રજૂઆતો કરેલી છે, તેમ છતા જીઈબી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

હાલમાં ચોમાસાની સીઝન ટાણે પવન ફૂંકાતા વીજલાઈન વધુ નીચે આવી ગઈ હતી. જેની રજુઆત પણ કરી હતી. જોકે કુંભર્કર્ણ નીદ્રાધીન હોય તેમ જી.ઈ.બી. દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ દરમ્યાન ગુરુવારે સવારે ૧૦ વાગે વીજલાઈનમાં સ્પાર્કિંગ થતા જગદીશભાઈના ઘરમાં એલ.ઈ.ડી.ટીવી., કુલર, પંખા, ફ્રીઝ અને વાયરિંગ બળી જવાં પામ્યું હતું.

નારાજ બની જગદીશભાઈ અને આજુબાજુના રહીશોએ મહિલાઓ સાથે જી.ઈ.બી. કચેરીમાં હલ્લાબોલ કરી ૨૦ મિનિટ સુધી ચર્ચા કરી હતી. જી.ઈ.બી. કચેરીમાં રકઝક કરતા અધિકારીઓએ વીજવાયર ઊંચા કરવાની બાંહેધરી આપી હતી.

ખેડબ્રહ્મા તાલુકામાં ખાનગી વાહનોનો રાફડો ફાટ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાના વિવિધ પંથકમાં માર્ગ પરિવહન જોખમી રીતે ચાલતું હોવાની તસ્વીરો ફરી એકવાર સામે આવી છે. હાઈવે પર છાસવારે અકસ્માતના બનાવો જોવા મળે છે. તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં શાળામાં જવા-આવવા ખાનગી જીપ-તેમજ ખાનગી વાહનોનો ઉપયોગ થઈ રહયો છે. જેમાં ઓવરલોડ મુસાફરી વચ્ચે વિદ્યાર્થીઓ રીતસરના લટકીને અપડાઉન કરતા હોવાની બાબત સામે આવી છે. તસ્વીરોને પગલે વિદ્યાર્થીઓને શિક્ષણ માટે જોખમી સમયમાંથી પસાર થવુ પડે છે.

સાબરકાંઠા આરટીઓની રહેમ નજર હેઠળ બનાસકાંઠા જીલ્લામાં અંબાજી નજીક તાજેતરના ગમખ્વાર અકસ્માત બાદ સરકારની સુચનાનું ઉલ્લંઘન થઇ રહયુ છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દૈનિક ધોરણે નજીકના શાળાએ જાય છે. શાળાએ જવા-આવવા દરમ્યાન બસની નહીવત્ ફીક્વન્સી સામે મોટાભાગે ખાનગી વાહનોનો ઉપયોગ થાય છે. ગુરૂવારે બપોરે વિદ્યાર્થીઓ શાળાએથી ઘેર આવતા દરમ્યાનની ભયાનક તસ્વીરો સામે આવી છે. જેમાં આગળ-પાછળ અને જીપ જેવા વાહનોની ઉપર સુધી મુસાફરો લટકીને જતા જોવા મળી રહયા છે. સુત્રોએ જણાવ્યુ હતુ કે, ઓવરલોડ મુસાફરી સાથે પરિવહન દરમ્યાન સહેજ પણ બેદરકારી થાય તો મોટી દુર્ઘટના સર્જાવાની સંભાવના રહે છે.

પલ્સ પોલિયો અભિયાન હેઠળ રાજ્યના ૯૯.૪૫ ટકા બાળકોનું રસીકરણ કરાયું

ગાંધીનગર ખાતે રાજ્યમાં રસીકરણની કામગીરી અંગે સ્ટેટ ટાસ્ક ફોર્સની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

રાજયમાં પલ્સ પોલિયો રસીકરણ અભિયાન હેઠળ માર્ચ-૨૦૧૯માં ૮૪ લાખથી વધુ એટલે કે ૯૯.૪૫ ટકા બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજયમાં સંપૂર્ણ રસીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં રાજયનું સરેરાશ કવરેજ ૯૬ ટકા તેમજ જિલ્લામાં ૯૫ ટકા સરેરાશ રસીકરણ થયું છે. જેમાં અમદાવાદ, અરવલ્લી અને દાહોદ જિલ્લામાં ૧૦૦ ટકા કે તેથી વધુ રસીકરણ થયું છે. આગામી સમયમાં રસીકરણના લક્ષ્યાંકને ૧૦૦ ટકા પૂર્ણ કરવા વધુ ઉત્સાહથી રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવશે તેમ આજે ગાંધીનગર ખાતે રાજયમાં રસીકરણની કામગીરી અંગે યોજાયેલી સ્ટેટ ટાસ્ક ફોર્સની બેઠકમાં આરોગ્ય કમિશનર જયંતિ રવિએ કહ્યું હતું.

રાજયમાં રસીકરણના કાર્યક્રમને વધુ સફળતા મળે અને કોઈ બાળક રસી વિનાનું રહી ન જાય તે હેતુથી આરોગ્ય વિભાગે એકેડમી ઓફ પીડિયાટ્રિક્સ ગુજરાત સાથે સમજૂતી કરાર કર્યા છે.

આરોગ્ય કમિશનરે રાજયમાં ચાલી રહેલા રસીકરણ કાર્યક્રમની સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે, જે જિલ્લાઓમાં રસીકરણનું પ્રમાણ ઓછું છે તેવા જિલ્લાઓમાં રસીકરણ વધુ થાય તે માટે વિવિધ ધર્મોના સ્થાનિક ધર્મગુરૂઓના સહકારથી જે તે જ્ઞાતિના લોકોને તેમના બાળકોના રસીકરણ માટે જાગૃત કરવા પ્રયાસો કરવા જોઈએ. છેવાડાના ગામડાના લોકોમાં તેમના બાળકોના રસીકરણ અંગે જાગૃતી લાવવા સેટકોમનો ઉપયોગ કરવો જોઈએ. આશા વર્કર અને આંગણવાડીના કાર્યકર બહેનોને વિવિધ તબક્કે તાલીમ આપવા બ્લોક સ્તરે સ્થાનિક ભાષામાં સાહિત્ય-વીડિયો તૈયાર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત રાજ્યના આદિજાતિ વિસ્તાર, શહેરી વિસ્તાર, તમામ શાળાઓ, પિડીયાટ્રિશન, ઓધોગિક એસોશિએશન, યુનિસેફ તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનો રસીકરણ કાર્યક્રમ માટે મહત્તમ સહયોગ લેવામાં આવશે તેમ આરોગ્ય કમિશનરે ઉમેર્યું હતું.

આ બેઠકમાં આરોગ્ય વિભાગના અધિક નિયામક જાની, આરોગ્ય સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને વિવિધ સંસ્થાઓના ડૉક્ટરોએ ઉપસ્થિત રહીને રાજ્યમાં મહત્તમ રસીકરણ માટે ચર્ચા-વિચારણા કરી હતી.

ગુજરાતમાં ખનીજ-ખાણના સેક્ટરને ઉદ્યોગનો દરજ્જો

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ઔદ્યોગિક – આર્થિક વિકાસને વેગ આપતાં એક મહત્વપૂર્ણ કદમ તરીકે માઈનીંગ (ખનીજ) સેકટરને પણ ઊદ્યોગનો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા તા.૯-૧-૧૯ના ઠરાવથી પ્રોસેસીંગ ઓફ માઈનીંગ એકટીવીટીઝને ઉદ્યોગનો દરજ્જો અગાઉ આપવામાં આવેલ છે. પરંતુ માઈનીંગ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ ઔદ્યોગિક જગતના અગ્રગણ્ય ઉત્પાદકો દ્વારા સમગ્ર માઈનીંગ સેકટરને ઉદ્યોગનો દરજ્જો આપવાની કરાયેલી રજૂઆતનો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ હકારાત્મક પ્રતિસાદ આપતાં આ નિર્ણય કર્યો છે. રાજયમાં માઈનીંગ સેકટર-(ખનીજ) પ્રવૃતિને અને તેની સાથે સંકળાયેલા ઊદ્યોગોને હવે આ નિર્ણયને પરિણામે જમીન મહેસૂલ ધારા અંતર્ગત લેવાની થતી ૬૬ છછ અને ૬૫ જેવી મંજૂરીઓ સરળતાથી મળી શકશે. માઈનીંગ પ્રવૃત્તી મૂળભૂત રીતે જમીનના બિન ખેતી ઉપયોગ સંલગ્ન હોવાથી જમીન મહેસૂલ કાયદા હેઠળ પણ ઉદ્યોગકારોને ખરેખર ઔદ્યોગિક હેતુ ન હોવાથી બિન ખેતી પરવાનગી મેળવવામાં પડતી મૂશ્કેલીઓનું નિવારણ થતાં આ નિર્ણયથી માઈનીંગ ક્ષેત્રનો ઔદ્યોગિક વિકાસ ખૂબ જ ઝડપી બનશે.

લક્ષ્મીપુરા ગામમાં પરિણીતાને સાસરિયાઓ દ્વારા ઢોર માર મારાતા ફરિયાદ નોંધાઈ

ડીસા તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં પરિણીતા ને સાસરિયાઓ દ્વારા ઢોર માર મારી તેણી ના માં બાપ ના ઘર આગળ નાખી જતા ભોગ બનનાર ના પિતા ખેંતાજી કેશરાજી જાટ દ્વારા પોલીસ ને રાવ કરાયેલ છે.

ચર્ચાસ્પદ બનાવ અંગે જાણવા મળ્યા પ્રમાણે સાસરિયા પક્ષ દ્વારા ભોગ બનનાર દિવ્યબેન ને છેલ્લા બે વર્ષથી હેરાન કરી વારંવાર અત્યાચાર કરી રહ્યા હતા ત્યારે ગતરોજ ઍમના ઘરવાળા હસમુખભાઈ મંગાજી ભારી સાસુ સસરા,દિયર ભેગા મળીને ઢોર માર મારીને ગઈકાલે સાંજે ૦૮:૦૦ વાગ્યે હસમુખજી મગળાજી જાટ, મંગળાજી તાજાજી જાટ,પ્રવિણ જી જાટ,ગાડી લઈ ને ભોગ બનનારને તેના પિતા ના ગેટ ઉપર નાખીને નીકળી ગયા હતા જેને લઈ ખેતાજી જાટ રહે.લક્ષ્મી પુરવાળા એ આગ થ ળા પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવેલ છે.

વડગામમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત તેનીવાડા પ્રાથમિક શાળા ખાતે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી જેમાં વડગામ હેલ્થ કચેરીના યાસીન ભાઇ ડોડીયા, મેહુલભાઈ પરમાર સહિત આરોગ્ય ટીમના માર્ગદર્શન હેઠળ ધો.૭/૮ના વિધાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાર વિધાર્થીઓ એ ભાગ લીધો હતો પ્રથમ,દ્વીતીય,તેમજ તૃતીય નં આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઇનામ આપવામાં આવ્યા હતાં શાળા પરિવાર દ્વારા હાથ સહકાર પુરો પાડી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે હોમગાર્ડ જવાનોને તાલીમ અપાઈ

દેશભરમાં ૨૧ જુન વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવામાં આવે છે. જેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ રમેશભાઇ પડ્યાની સુચનાથી પાલનપુર હોમગાર્ડ યુનિટના તમામ હોમગાર્ડ જવાનોને ત્રણ દિવસ તાલીમ આપવા સુચના અપાઇ હતી. જેથી પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે હોમગાર્ડ જવાનોને તા.૧૮ થી ૨૦ જુન સુધી જુદા-જુદા યોગ કરાવી તાલીમ આપવામાં આવી હતી. તેમજ આગામી ૨૧ જુનના દિવસે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર વિશ્વ યોગના કાર્યક્રમમાં હોમગાર્ડ જવાનો જોડાઇ યોગ કરશે. આ જનાવોને કંમ્પની કમાંડન્ટ, પી.ડી. દરજી, સિનિયર પ્લાટુન કમાન્ડન્ટ મુસ્તાકભાઇ ચૌહાણ, પ્લાટુન સાર્જન કેસરસિંહ બોડાણા, અનિલભાઇ દ્વારા તાલિમ આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા.

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન દ્વારા

શહેરમાં ૨૨ અને ૨૩ જૂનના રોજ "વાયબ્રન્ટ સમિટ, મશીનરી એક્સિબિશન અને એવોર્ડ્સ ૨૦૧૯"નું આયોજન

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન (જીસીએ) દ્વારા અમદાવાદમાં તા. ૨૨ અને ૨૩ જૂન ૨૦૧૯નાં રોજ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર ખાતે "વાયબ્રન્ટ સમિટ, મશીનરી એક્સિબિશન એન્ડ એવોર્ડ્સ ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૨ અને ૨૩ જૂન ૨૦૧૯નાં રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૬ કલાક સુધી આ કાર્યક્રમ યોજાશે. ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનનાં ચેરમેન અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ મહત્વકાંક્ષી કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યનાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મંત્રી નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય વિભાગ ગુજરાત સરકાર, તથા મંત્રી મનસુખભાઈ માંડવીયા-રાજ્યકક્ષા, શિપીંગ (સ્વતંત્ર હવાલો) રસાયણો અને ખાતર ભારત સરકાર તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના ચેરમેન એસ.એસ. રાઠોર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અરવિંદભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, 'બે દિવસ યોજાનારા આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ક્રેડાઈ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ જક્ષય શાહ, જીઆઈસીઈએનાં ઈમિડિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ અને એનએચવીએફનાં પ્રેસિડેન્ટ ભાર્ગવ એચ. દેસાઈ, દિલીપ બ્લિડકોમ લિ.ના સીઈઓ દેવેન્દ્ર જૈન અને એફ્કો ઈન્ફોટેક પ્રા. લિ.ના એમડી અનિલકુમાર સિંઘ, કેએનઆર કન્સ્ટ્રક્શન લિ.ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને સીએફઓ કામિદી જલધર રેડ્ડીનો સમાવેશ થાય છે. વાઈસ ચેરમેન કે.કે. પટેલે આ કાર્યક્રમની વિશેષ વિગતો આપતા જણાવ્યું કે, 'ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન વાયબ્રન્ટ સમિટ, મશીનરી એક્સિબિશન અને એવોર્ડ ૨૦૧૯ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી અંદાજે ૨૦૦૦થી વધુ ડેલિગેટ્સ અને કુલ ૫૦૦૦ થી વધુ કોન્ટ્રાક્ટર હાજર રહે તેવી ધારણા છે.

હાઈકોર્ટની નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના ઘ-૦ થી ચ-૦ ના વિસ્તારમાં વૃક્ષોને કપાતા અટકાવવા માટે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે હાઈકોર્ટમાં પી આઈ એલ દાખલ કરી હતી. જે અન્વયે હાઈકોર્ટે રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારને નોટીસ આપી આ બાબતે જવાબ અને જાણકારી રજુ કરવા માટે પણ આદેશ કર્યો છે.

ડીટેઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દંડ વસુલાયો હતો. ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટ્રાફિક નિયમનના ભંગ બદલ છેલ્લા કેટલાક સમયથી કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન જ તંત્ર દ્વારા વાહનોની ચકાસણી માટે ઝુંબેશ હાથ ધરાઈ હતી.

જયારે હાલ પણ આ કામગીરી ચાલી રહી છે. સ્કુલવર્ધીના વાહનોમાં સલામતીના વિવિધ પરિબળોને ધ્યાને લઈ કસુરવાર સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ફાયર સેફટીનો મુદ્દો પણ મુખ્ય બન્યો છે. નિયમનના ભંગ બદલ ત્વરિત સ્કુલ વર્ધીના વાહનો ડીટેઈન કરવા સુધીના પણ પગલા લેવામાં આવી રહ્યા છે.

કામ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દુનિયાની ત્રણ સૌથી મોટી અર્થવ્યવસ્થામાં સામેલ થવાની પણ સરકારની યોજના રહેલી છે અને આ દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, નવું ભારત ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરના એ આદર્શ ભારતની તરફ વધશે જ્યાં આત્મા સન્માન સાથે રહેશે. ભારતના આ માર્ગ ઉપર તમામ વ્યવસ્થાઓ પારદર્શી રહેશે. ઈમાનદાર લોકોની પ્રતિષ્ઠા વધશે. ખેડૂતો અને દુકાનદારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે.

નાના દુકાનદારોની આર્થિક સુરક્ષા તરફ ધ્યાન આપવામાં આવશે. આના માટે અલગ પેન્શન યોજનાને મંજુરી આપવામાં આવી ચુકી છે. આનો લાભ દેશના ત્રણ કરોડ નાના દુકાનદારોને મળશે. જળ સંકટ સૌથી મોટા પડકાર તરીકે છે. દરેક ઘર સુધી સ્વચ્છ જળ પહોંચાડવામાં આવશે. સિંચાઈ યોજના, સોઈલ હેલ્થકાર્ડ, યુરિયા નિમ કોટિન અને એમએસપી જેવા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવી ચુક્યા છે. રાષ્ટ્રપતિએ સંઘ પરિવાર અને ભાજપના વિચારક દિનદયાળ ઉપાધ્યાયના અંત્યોદય હેઠળ ગરીબોના વિકાસની વાત કરી હતી. જનધન યોજના મારફતે દુનિયાના સૌથી મોટાપાયે નાગરિકોનો સમાવેશ આર્થિક નીતિઓમાં કરાઈ રહ્યો છે. દેશભરમાં બેંકિંગ સેવા વધુ સરળ કરવામાં આવી ચુકી છે. ૧૭મી લોકસભાનુ પ્રથમ સત્ર હાલમાં ચાલી રહ્યુ છે. આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે સંસદના બંને ગૃહોને સંબોધન કર્યુ હતુ. જેમાં કોવિન્દે સરકારની ભાવિ યોજના અંગે વાત કરી હતી. લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે ૧૭મી લોકસભાનુ પ્રથમ સત્ર શરૂ કરવામાં આવ્યુ છે. ચોથી જુલાઈના દિવસે આર્થિક સર્વે રજુ કરવામાં આવશે. જ્યારે ૨૦૧૯-૨૦ માટે કેન્દ્રિય બજેટ લોકસભામાં સવારે ૧૧ વાગ્યે રજુ કરવામાં આવશે. લોકસભાના પ્રથમ સત્ર દરમિયાન કુલ ૩૦ બેઠક યોજાશે. સરકારે ગઈકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી.

ખાબકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી આવ્યા છે. બીજા ૨૫ લોકો ઘાયલ થયેલા છે. યાત્રીઓને ખીણમાંથી બહાર કાઢવાના પ્રયાસ મોડા સુધી ચાલ્યા હતા. મળેલી માહિતી મુજબ આ બસ બંજરથી ગડાગુશૈણી તરફ જઈ રહી હતી ત્યારે આ બસ ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. બસ ખીણમાં ખાબકી ગયા બાદ બસના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. ઘટનાસ્થળે વહીવટીતંત્રના અધિકારીઓ સાથે પોલીસ ટુકડી પણ પહોંચી હતી. ઘાયલોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બંજર સબ ડિવિઝનમાં સાંજે ચાર વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. સ્થાનિક લોકો પણ બચાવ અને રાહત કામગીરી માટે બહાર આવ્યા હતા અને મદદ લેવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં લોકોને બસમાંથી મુશ્કેલથી બહાર કાઢવામાં આવ્યા હતા. એમ્બ્યુલન્સ અને લોકલ વાહનોની મદદથી તમામને બહાર કાઢવામાં આવ્યા હતા. કુલ્લુના પોલીસ અધિકારીના કહેવા મુજબ બચાવી લેવામાં આવેલામાં ૧૨ મહિલાઓ, ૧૦ બાળકો અને ૧૦ પુરુષો રહેલા છે. જ્યારે મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. શાલિનીએ કહ્યું હતું કે, ૨૫ યાત્રીઓના મોત થઈ ચુક્યા છે.

૪ સાંસદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

થવા ઇચ્છુક છે. ત્યારબાદ ટીડીપીના સાંસદો અને ભાજપના પત્ર લઈને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ પાસે પહોંચ્યા હતા. હવે આ તમામ ભાજપના સભ્ય છે. આ ચારેય રાજ્યસભા સાંસદના આવવાથી આંધ્રપ્રદેશમાં ભાજપનું નેટવર્ક આગામી દિવસોમાં વધુ મજબૂત બનશે. ચાર સાંસદો ભાજપમાં સામેલ કરવામાં આવ્યા બાદ ટીડીપીના અધ્યક્ષ ચંદ્રબાબુ નાયડુએ કહ્યું હતું કે, પાર્ટીમાં કોઈપણ સંકટ નથી. તેમણે ઉમેર્યું હતું કે, અમે ભાજપની સાથે માત્ર ખાસ રાજ્યના દરજ્જા અને આંધ્રના હિત માટે મેદાનમાં ઉતર્યા હતા. ખાસ દરજ્જા માટે અમારા કેન્દ્રીય મંત્રીઓએ પદ છોડી દીધા હતા.

મક્કમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓફર કરી હતી. ત્યારબાદથી રાહુલ ગાંધી રાજીનામાને લઈને મક્કમ બનેલા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ગેહલોતને પાર્ટી પ્રમુખ તરીકેની જવાબદારી લેવા તૈયાર રહેવા માટે કહેવામાં આવી ચુક્યું છે. રાહુલ ગાંધી કોંગ્રેસના પાર્ટી પ્રમુખના હોદ્દાથી રાજીનામુ પરત ખેંચવા માટે તૈયાર નથી. જુદા જુદા પાર્ટી નેતાઓ રાહુલ ગાંધીને સમજાવવામાં લાગેલા છે પરંતુ રાજીનામાને લઈને રાહુલ ગાંધી મક્કમ દેખાઈ રહ્યા છે. જો અશોક ગેહલોતને નવા પાર્ટી પ્રમુખ બનાવવામાં આવશે તો સચિન પાયલોટને રાજસ્થાનના મુખ્યમંત્રી બનાવવામાં આવશે. અશોક ગેહલોત ગઈકાલે કોંગ્રેસ પ્રમુખને મળ્યા હતા. સાથે સાથે દેશના હિતમાં તથા પાર્ટીના હિતમાં પ્રમુખ તરીકે ચાલુ રહેવા રાહુલ ગાંધીને સમજાવ્યા હતા.